# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કુલ

## વાર્ષિક પરીક્ષા – ૨૦૧૮

વિષય : ગુજરાતી  
શ્રેણી : ૯

તા. : ૮-૩-૨૦૧૮  
સમય : ૩ કલાક  
કુલ ગુણ : ૮૦

**General Instructions :**

i. The questions paper is divided into four Sections.

| | |
|---|---|
| Section–A Reading comprehension | – 15 |
| Section–B Writing | – 25 |
| Section–C Grammar | – 15 |
| Section–D Literature (Text book) | – 25 |
| **Total** | **– 80** |

ii. Marks are indicated against each questions.

iii. All questions are compulsory.

## Section–A : Reading Comprehension

**પ્ર-૧ અ) નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. ૫**

નદીની માતા સાથેની તુલના વધુ બંધબેસતી ગણી શકાય. નદીની કાંઠે વસીએ એટલે દુષ્કાળની ચિંતા જ નહિ. મેઘરાજા રૂઠે તો કહી ન શકાય, સહી ન શકાય એવો સંતાપ કરાવે, પણ નદી તો પાકને મુરઝાઇ જતો બચાવે છે. નદીકાંઠાની અતિ શુદ્ધ અને સ્ફૂર્તિ આપનારી હવા લેવા જેની હોય છે. આથી નદીકાંઠે હંમેશાં ફરવા જવાથી મન પ્રસન્ન રહે છે. નદીને કાંઠે વસનારા લોકોની સમૃદ્ધિ નદી દ્વારા સર્જાયેલી હોય છે. નદી સાચે જ જનસમાજની માતા છે. નદીનું દર્શન થાય ત્યારે આપણા આનંદની કોઇ સીમા રહેતી નથી. જેના પાણીના ભંડાર કદી ખૂટતા નથી એવી પર્વતરાજની પુત્રીનાં દર્શન મનને મોટો આનંદ આપે છે. આથી જ યોગ્ય સાધકો નદીને આપણા વંદનની અધિકારી ગણે છે. **– કાકા કાલેલકર**

પ્રશ્નો :

૧. નદીની કોની સાથેની તુલના બંધબેસતી ગણી શકાય ?

અ) નદીની પુત્રી સાથેની  
બ) નદીની માતા સાથેની  
ક) નદીની દાદી સાથેની

૨. નદી કાંઠે રહેનારને શાની ચિંતા રહેતી નથી ?

અ) નદીકાંઠે રહેનારને દુષ્કાળની ચિંતા રહેતી નથી.  
બ) નદીકાંઠે રહેનારને ખાવાની ચિંતા રહેતી નથી.  
ક) નદીકાંઠે રહેનારને પાણીની ચિંતા રહેતી નથી.

૩. નદીકાંઠાની હવા કેવી હોય છે ?

અ) નદીકાંઠાની હવા અતિ શુદ્ધ અને સ્ફૂર્તિ આપનારી છે.  
બ) નદીકાંઠાની હવા પ્રદૂષિત અને રોગ ફેલાવનારી છે.  
ક) નદીકાંઠાની હવા ગંદકીથી ભરપૂર છે.

૪. નદી કાંઠે ફરવા જવાથી શું થાય છે ?

અ) નદીકાંઠે ફરવા જવાથી રોગોના ભોગ બનાય છે.
બ) નદીકાંઠે ફરવા જવાથી આળસુ બની જવાય છે.
ક) નદીકાંઠે ફરવા જવાથી મન પ્રસન્ન થાય છે.

૫. નદી કોની પુત્રી કહેવાય છે.

અ) નદી પર્વતરાજની પુત્રી કહેવાય છે.
બ) નદી દરિયાની પુત્રી કહેવાય છે.
ક) નદી તળાવની પુત્રી કહેવાય છે.

**બ. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો વિકલ્પોમાંથી શોધીને લખો. ૫**

વિશ્વવિભૂતિ ગાંધીજીનો જન્મ ૨જી ઑક્ટોબર ૧૮૬૯માં સૌરાષ્ટ્રમાં આવેલા પોરબંદરમાં થયો હતો. ગાંધીજી વિલાયત જઇને વકીલાતનું ભણ્યા. તેઓ વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં તેમણે અંગ્રેજોની રંગભેદની નીતિ જોઇ. તેમણે આ નીતિને લીધે થતા અન્યાયો દૂર કરવા કરાવવા સત્યાગ્રહના માર્ગે લડત ચલાવી. તેમાં તેઓ સફળ થયા. ઇ.સ.૧૯૧૫માં તેઓ ભારત આવ્યા. ભારતના લોકો અંગ્રેજોની ગુલામીમાં અનેક યાતનાઓ ભોગવી રહ્યા હતા. ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગે અંગ્રેજો સામે લડત ચલાવી. અનેકવાર જેલવાસ ભોગવ્યો. છેવટે ૧૫મી ઑગષ્ટ ૧૯૪૭ ના દિવસે દેશ આઝાદ થયો. ગાંધીજી 'રાષ્ટ્રપિતા' તરીકે દેશના કરોડો લોકોના હૃદયમાં સ્થાન પામ્યા.

**પ્રશ્નો :**

૧. ગાંધીજીનો જન્મ ક્યારે થયો હતો ?

અ) બીજી ઑક્ટોબર ૧૯૪૭માં
બ) ૨૬મી જાન્યુઆરી ૧૯૪૭માં
ક) બીજી ઑક્ટોબર ૧૮૬૯માં

૨. ગાંધીજી દક્ષિણ આફ્રિકા શા માટે ગયા હતા ?

અ) ગાંધીજી ફરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા.
બ) ગાંધીજી પોતાના પિતાને મળવા દક્ષિણ આફ્રિકા ગયા હતા.
ક) ગાંધીજી વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા.

૩. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં શું જોયુ ?

અ) ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ જોઇ.
બ) ગાંધષીજીએ દક્ષિણ આફ્રિકામાં અમીરી જોઇ.
ક) ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કમાવવાની ઉત્તમ તક જોઇ.

૪. ગાંધીજીએ કયા માર્ગે અંગ્રેજો સામે આઝાદીની લડત શરૂ કરી ?

અ) હિંસા અને યુદ્ધના માર્ગે.
બ) અસત્ય અને હિંસાના માર્ગે.
ક) સત્ય અને અહિંસાના માર્ગે.

૫. આપણો દેશ ક્યારે આઝાદ થયો ?

અ) ઇ.સ. ૧૫મી ઑગષ્ટ ૧૯૫૦
બ) ઇ.સ. ૧૫મી ઑગષ્ટ ૧૯૪૭
ક) ઇ.સ. ૧૫મી ઑગષ્ટ ૧૯૫૭

ક. નીચેનો પદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબો આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. ૫

હું એક રમકડું સિંગાપુરથી સાથે લેતો આવ્યો છું;
કાગળ-પેટીમાં બે બળિયા પૂરી બગલમાં લાવ્યો છું.
એકે ભૂરી, લાલ બીજાએ, ચડ્ડી ટૂંકી ચડાવી છે;
બેય ઊભા પૈડાં પર બાંય ચડાવી; નીચે આવી છે.
ચાવી દીધી, મૂક્યા છુટ્ટા, તરત શરૂ બાથંબાથી;
'લે તું!' 'તું લેતો જા!'– ચાલો હસ્યે જાઓ અચંબાથી.
હમણાં લાલ હઠ્યો, ત્યાં તો ઓ ભૂરો લોથ થયો દીસે;
જોર કરી ઝીંકે મુક્કા, મસ્તક ભટકાય મહા રીસે.
પાછળ ખસતા, આગળ ધસતા, આખર તો રહે ત્યાંના ત્યાં,
ચાવી ઊતર્યા, હાથ વીંઝતા ફોગટ, ડોલે ઊભા જ્યાં,
આ દુનિયાની મહાપ્રજાઓની ચાવી શું ન ઊતરશે ?
કે આને કંઇ દઇએ ત્યમ, તુંય પ્રભુ, દીધા કરશે ?

– ઉમાશંકર જોશી

પ્રશ્નો :

૧. કવિ પોતાની સાથે રમકડું ક્યાંથી લાવ્યા છે ?
અ) કવિ પોતાની સાથે રમકડું અમેરિકાથી લાવ્યા છે.
બ) કવિ પોતાની સાથે રમકડું સોનગઢથી લાવ્યા છે.
ક) કવિ પોતાની સાથે રમકડું સિંગાપુરથી લાવ્યા છે.

૨. કવિ કાગળ-પેટીમાં શું પુરી લાવ્યા છે ?
અ) કવિ કાગળ-પેટીમાં મોસંબી પુરી લાવ્યા છે.
બ) કવિ કાગળ-પેટીમાં બે બળિયા પુરી લાવ્યા છે.
ક) કવિ કાગળ-પેટીમાં ચોકલેટ પુરી લાવ્યા છે.

૩. કવિએ રમકડાને ચાવી ચડાવી છુટ્ટું મૂકતાં શું થયું ?
અ) બેઉ બળિયા રડવા લાગ્યા.
બ) રમકડું તૂટી ગયું
ક) તરત શરૂ બાથંબાથી

૪. રમકડાની ચાવી ઉતરતાં શું થયુ ?
અ) રમકડાની ચાવી ઉતરતાં તે પડી ગયું.
બ) રમકડાની ચાવી ઉતરાતાં ફોટગ ઊભા રહીને ડોલવા લાગ્યા.
ક) રમકડાની ચાવી ઉતરતાં કવિએ બીજીવાર ચાવી ભરી દીધી.

૫. કવિ દુનિયાની મહાપ્રજાઓને શું પૂછે છે ?
અ) કવિ દુનિયાની મહાપ્રજાઓને શું પૂછે છે ?
બ) કવિ દુનિયાની મહાપ્રજાઓને ચાવીવાળું રમકડું કેવું લાગ્યુ તેવું પુછે છે.
ક) કવિ દુનિયાની મહાપ્રજાઓને ચાવી કેવી રીતે ભરાય એવું પુછે છે.

## Section–B : Writing

**પ્ર-૩ અ. નીચે આપેલાવિષયોમાંથી કોઇપણ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લખો.** ૮

૧. સમયનું મહત્વ.

૨. મારું પ્રિય પશુ અથવા પંખી

૩. એક ભિખારીની આત્મકથા.

**બ. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો.** ૬

ચાર ચોર – ચોરી કરવા જવું – પુષ્કળ માલ મળવો – જંગલમાં નાસી જવું – બે ચોરનું મીઠાઇ ખરીદવા નગરમાં જવું – મીઠાઇમાં ઝેર ભેળવવું – બીજા બે ચોરની યુક્તિ – મીઠાઇની ખરીદી કરીને આવેલા બે ચોરને કૂવામાં ધકેલી દેવા – મીઠાઇ ખાવી – પરિણામ – બોધ – શીર્ષક.

ક. તમારી શાળામાં ઉજવાયેલા રમતોત્સનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો. ૬

અથવા

તમારા વિસ્તારમાં પાણીની તંગી પડી રહી હોવાથી સર્જાયેલી મુશ્કેલી અંગે નગરપાલિકા અધિકારીને પત્ર લખો.

ડ. 'સ્વચ્છ ભારત' વિશે જાહેરાત બનાવો. ૫

## Section–C : Grammar

પ્ર-૩ માગ્યા પ્રમાણે આપો. ૩

**૧. શબ્દોના સમાનાર્થી આપો. :** ૧) ઔષધ  ૨) કસબ

**૨. શબ્દોના વિરોધી અર્થ આપો. :** ૧) પુણ્ય  ૨) પોચું

**૩. શબ્દોની જોડણી સુધારો. :** ૧) પરીણામ  ૨) અતીથિ

**બ. સૂચના પ્રમાણે કરો.** ૩

**૧. શબ્દોના વચન ઓળખાવો. :** ૧) નિબંધ  ૨) પ્રવાસીઓ

**૨. શબ્દોનો સમાસ ઓળખાવો. :** ૧) પશુપંખી  ૨) મહાકવચ

**૩. શબ્દોની સંધિ જોડો.:** ૧) ગણ + ઈશ  ૨) સુ + આગત

**ક. માગ્યા પ્રમાણે જવાબ આપો.** ૩

**૧. નીચેના વાકયોમાંથી અનુગ શોધીને લખો.**

૧) આ છોકરી નાનપણથી ઘરે ગુજરાતી સાંભળતો.

૨) દીકરી જાતા એમ લાગતું, ગયો ગોખથી દીવો.

**૨. નીચેના વાકયોમાંથી નામયોગી શોધીને લખો.**

૧) આંજણી મટતાં સુધી કચૂકો ત્યાં ચોંટી રહેશે.

૨) તમે નોટિસ બોર્ડ પર નોટિસ જોઇ ?

**૩. નીચેના વાકયોનો અલંકાર ઓળખાવો.**

૧) પીગળે પીગળે પડછાયાના પ્હાડ.

૨) દમયંતીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે.

ક. સૂચના પ્રમાણે કરો. ૩

૧. નીચેના વાકયોમાંથી વિશેષણ ઓળખવો.

૧. ઘરમાં નાના છોકરાઓની જોડે ગુજરાતીમાં બોલો.
૨. તદ્દન અજાણ્યા માણસો સાથે રહેવું અઘરું છે.

૨. નીચેના વાકયોમાંથી સંયોજક શોધીને લખો.

૧. બબ્બે દાયકાથી હું એમને ઘડી રહ્યો છું પણ આજે એના પર પાણી ફરી વળશે.
૨. એ બધા તમારી સેવા કરવા માગે છે. કારણ કે તમે ગાંધીજી જેવા લાગો છો.

૩. નીચેના વાકયોમાંથી વિરામચિહ્ન શોધી તેના નામ જણાવો.

૧. એક પણ દેડકાને મગરે ખાધો ન હતો.
૨. મારે હવે આ ઉંમરે દાગીના પહેરીને શું કરવું ?

ઈ. સૂચના પ્રમાણે કરો. ૩

૧. નીચેની કહેવતનો અર્થ આપો.

૧. નાણા વિનાના નાથિયો, નાણે નાથાલાલ.
૨. કૂમળું ઝાડ વાળીએ તેમ વળે.

૨. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

૧. જેનો પતિ મૃત્યુ પામ્યો છે તેવી સ્ત્રી.
૨. જેના માતાપિતા મરી ગયા હોય તેવું બાળક.

૩. નીચેના રૂઢિ પ્રયોગના અર્થ આપો.

૧. વાત વણસી જવી. ૨. દીવાલને કાન હોવા.

## Section–D Literature

પ્ર-૪ અ. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો. ૩

હું અને ગૌરી ઓસ્ટ્રેલિયાની સરકારનાં મહેમાન હતાં. ગૌરી ઑબેરૉય હોટલના ત્રૈમાસિકની તંત્રીને હું ફોટોગ્રાફર. આઠ દિવસના બસ પ્રવાસનાં છેલ્લો દિવસ હતો ને સાંજે અમે સિડની પહોંચવાનાં હતાં. લગભગ પાંચેક વાગ્યે ડ્રાઈવરે જાહેર કર્યું કે પહોંચતાં મોડું થશે ને મધરાત પહેલાં હોટેલી ભેગાં થઈશું નહિ. રાતે આઠ-સાડા આઠે, કોંકણની ખાણાવળ જેવી ગામઠી હોટેલ પાસે બસ ઊભી રહી. ડ્રાઈવરે અમને જમવાનો રોકડો અડધો કલાક આપ્યો. હોટલના ડાઈનિંગ રૂમમાં ત્રીસેક જણ ઠલવાયાં તેમાં અમે બે જ અશ્વેત ને પરદેશી હતાં. બધાંએ પોતપોતાના ઓર્ડર નોંધાવ્યા અને થોડીવારમાં જાતે ખાવાન લાવીને જમવા મંડયા.

પ્રશ્નો :

૧. લેખક અને ગૌરી શું હતાં ?
૨. આઠ દિવસનો બસપ્રવાસ કરી લેખક ક્યાં પહોંચવાનાં હતાં ?
૩. હોટલના ડાઈનિંગ રૂમમાં કેટલાં જણ ઠલવાયાં હતાં.

બ. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો માટે કારણ આપો. ૪

૧. પરદેશ જવામાં લેખકને ગેરલાભ દેખાય છે કારણ કે...
૨. ન્યૂયોર્કની હોટલના પિરસણિયાએ લેખક પાસે હસ્તાક્ષર માગ્યા કારણ કે...
૩. હેમલક્સામાં સાપની હત્યાનું પ્રમાણ ઘટ્યું કારણ કે...

ક. નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર આપો. ૪

૧. લેખકને આંજણી મટાડવા તેમના કુટુંબના મિત્રએ શું કહ્યું ?
૨. મોહને પિતાની ખાનદાનીનો વારસો કેવી રીતે જાળવ્યો હતો ?
૩. નમાજ અદા કરનાર ફકીર શા માટે ખુશ થાય છે ?

ડ. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર લખો. ૪

૧. કૃતમ્માનું પાત્રાલેખન કરો.
૨. કરુણાશંકર માસ્તરની શાળાનું વાતાવરણ તમારા શબ્દોમાં લખો.

પ્ર-૫ અ. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો. ૨

દીકરી જાતાં એમ લાગતું
ગયો ગોખથી દીવો
નૈં સંધાય હવે આ ફળિયું
ગમે એટલું સીવો
જેની પગલી પડતાં સઘળે થઈ જાતું રજવાડું
મ્હેંદી મૂકી ચાલ્યું આજે ઘરનું એ અજવાળું

પ્રશ્નો :

૧. દીકરી જાતાં શું શું લાગે છે ?
૨. દીકરીની પગલી પડતાં શું થઈ જાય છે ?

બ. નીચેની કાવ્યપંક્તિ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. ૪

હસિયે રમિયે મીઠું લાગે,
થું, આંસુ તો લાગે ખારું !

પ્રશ્નો :

૧. શું મીઠું લાગે છે. ?
૨. આંસુ કેવું લાગે છે ?

ક. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ૨

૧. કવિ કોને વીર કહી બિરદાવે છે ?
૨. 'રાજઘાટ પર' માં ગાંધીજીનો જીવનસંદેશ ક્યા પ્રતીકોથી વર્ણવ્યો છે ?

ડ. નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોના એક-એક વાકયોમાં ઉત્તર લખો. ૪

૧. મૂર્ખ કઈ વસ્તુ ત્યજીને પથ્થર ઉપાડે છે ?
૨. કવિના હૃદયમાં શેનો વૈભવ રચાય છે ?
૩. આત્માના દીવા પાસે કોનું તેજ પરાયું લાગે છે ?
૪. એ લોકો કાવ્યના કવિનું નામ જણાવો.
૫. 'નવસર્જનની વાટે' કાવ્યમાં કવિ કેવા ફંદને ફગાવવાની વાત કરે છે ?

**All the Best**